# ચિરાગે હિદાયત



## ઈલ્મ અને ઈન્સાન

ઈલ્મ જ ઈન્સાનને બુલંદી સુધી પહોંચાડે છે. આ હકીકત છે કે જેનાથી કોઈને ઈન્કાર નથી. નૂર અંધકારથી બહેતર છે અને ઈલ્મ જેહાલતથી બહેતર છે. ઈલ્મ વડે જ ઈન્સાન ઈન્સાન બને છે અને મંઝિલની બુલંદી પર પહોંચે છે.

ઈલ્મનું સમુદ્ર ખુબજ વિશાળ છે અને તેની ઊંડી ગહેરાઈનું ઈલ્મ અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે નથી. ઈલ્મની ઈઝ્ઝત અને અઝમત એટલી બુલંદ છે કે અલ્લાહ તઆલાએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કે જેમની ઉપર પોતાની કિતાબ કુરઆને મજીદ નાઝિલ કર્યુ છે, ફરમાવ્યું : ''કુલ રબ્બે ઝિદની ઈલ્મા. – અય મારા પયગંબર! આપ કહો કે અય મારા રબ મારા ઈલ્મમાં વધારો કર.''

અને કુરઆને મજીદની તારીફમાં ફરમાવ્યું કે ''વલા રતબીવ વલા યાબેસીન ઈલ્લા ફી કેતાબીન મોબીન. – અને એવું કોઈ લીલું કે સુકું તણખલું નથી કે જેનું વર્ણન પ્રત્યક્ષ કિતાબમાં ન હોય.''

* હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે ''અગર મારો કોઈ દિવસ એવી રીતે ગુજરે કે મારા ઈલ્મમાં વધારો ન થાય તો તે દિવસ મારી માટે મુબારક નથી.''

* જામેઉલ અખબારમાં છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અબુઝરે ગફ્ફારીને ફરમાવ્યું કે ''અય અબુઝર! એવી મહેફિલ કે જેમાં ઈલ્મી ચર્ચા થઈ રહી હોય, તેમાં એક કલાક હાજરી આપવી તે હજાર રાત્રિઓના ઉજાગરાથી બહેતર છે કે જેની દરેક રાતમાં એક હજાર નમાઝ અદા કરવામાં આવે.'' અને પછી આ પણ ફરમાવ્યું ''એવી મહેફિલ કુરઆનની તિલાવતથી બહેતર છે.''

જનાબે અબુઝરે હૈરતથી સવાલ કર્યો ''યા રસૂલલ્લાહ! શું ઈલ્મી ચર્ચા સંપૂર્ણ કુરઆનની તિલાવતથી પણ બહેતર છે.'' તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''અય અબુઝર! એવી મજલિસ કે જ્યાં ઈલ્મી ચર્ચા થઈ રહી હોય તે બારગાહે ખુદામાં બાર હજાર કુરઆન ખત્મ કરવાથી બહેતર છે.'' આપ(સ.અ.વ.)એ પોતાની વાત આગળ વધારતાં ફરમાવ્યું કે ''ઈલ્મી ચર્ચાની અહેમિયતને ઓળખો કેમ કે તેના વડે તમે હરામ અને હલાલના અહેકામ હાંસિલ કરી શકશો.'' પછી આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું ''અય અબુઝર! અલ્લાહની નજીક એવી મજલિસ કે જેમાં ઈલ્મી ચર્ચા થઈ રહી હોય તેમાં એક કલાક બેસવું તે એક વર્ષની ઈબાદતથી બહેતર છે. જેમાં રોજ રોઝા રાખ્યા હોય અને રાત અલ્લાહ તઆલાની બંદગીમાં ગુજારી હોય.''

* રવઝતુલ વાએઝીનમાં હદીસ છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) મસ્જિદે નબવીમાં બેઠા હતા અને સહાબાએ કેરામ આપ(સ.અ.વ.)ની સાથે હતા. અન્સારનો એક શખ્સ આપ(સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી ''યા રસૂલલ્લાહ! અગર એક તરફ તશીયે જનાઝા (મય્યતને કાંધો આપવો) હોય અને બીજી તરફ આલીમની ઈલ્મની મહેફિલ હોય. તો આપ(સ.અ.વ.) બતાવો કે આપ(સ.અ.વ.)ની નઝદિક કયું કામ બહેતર છે?'' આપ(સ.અ.વ.)એ જવાબ આપ્યો કે ''અગર તે જનાઝા માટે બીજા લોકો મૌજૂદ હોય તો મારી નઝદિક આલીમની ઈલ્મી મહેફિલ બહેતર છે. આ ઈલ્મી મહેફિલ એક હજાર જનાઝાને કાંધો આપવાથી, એક હજાર બિમારની અયાદત કરવાથી અને એક હજાર શબેદારીથી, એક હજાર દિવસ રોઝા રાખવાથી, ગરીબો અને ફકીહોમાં એક હજાર દિરહમ ખર્ચ કરવાથી, એક હજાર હજથી અને એક હજાર જેહાદ કરવાથી અફઝલ છે.''

* હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈરશાદ ફરમાવ્યું ‘‘ત્રણ અવાજો અલ્લાહના અર્શ સુધી ટકરાય છે. ૧) ઓલમાની કલમની અવાજ, ૨) મુજાહિદના પગલાની અવાજ, ૩) પાકદામન ઔરતના ચરખાની અવાજ.’’ એટલે કે દરેક જગ્યાએ ઈલ્મ અને ઓલમાને અહેમિયત હાંસિલ છે.

* એક હદીસમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ‘‘જે શખ્સ એ પસંદ કરે કે તેઓ તેવા લોકોની ઝિયારત કરે કે જેઓને અલ્લાહે જહન્નમથી આઝાદ કર્યા છે. તો તેઓ ઈલ્મ હાંસિલ કરનારાઓની ઝિયારત કરી લે. મને કસમ છે તે ઝાતની કે જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે. જ્યારે કોઈ તાલિબે ઈલ્મ આલિમના દરવાજા ઉપર જાય છે તો તેના નામએ આમાલમાં એક વર્ષની ઈબાદતનો સવાબ લખી દેવામાં આવે છે. દરેક પગલાંના બદલે તેના માટે જન્નતમાં એક શહેર બનાવવામાં આવે છે. જ્યારે તે ઈલ્મ હાંસિલ કરવાની નિય્યત સાથે ઘરેથી રવાના થાય છે તો ઝમીન તેના માટે ઈસ્તેગફાર કરે છે. દરરોજ સવારે અને સાંજે તેના માટે બક્ષિશના દરવાજા ખુલ્લા રહે છે અને મલાએકા આ વાતની ગવાહી આપે છે કે તે જહન્નમથી અલ્લાહનો આઝાદ કરેલા બંદો છે. જે શખ્સ ઈસ્લામને જીવિત કરવા માટે ઈલ્મ હાંસિલ કરવા દરમિયાન મૃત્યુ પામે તો જન્નતમાં તેની અને અંબિયાની વચ્ચે ફક્ત એક દરજ્જાનું અંતર હશે.’’

આલિમને આબિદ ઉપર એવા ૭૦ દરજ્જાથી ફઝીલત હાંસિલ છે કે દરેક દરજ્જા વચ્ચેનું અંતર એક તેજ દોડનારા ઘોડાના ૭૦ વર્ષનો સફર હોય. આ ફઝીલત એ માટે છે કે શૈતાન લોકોમાં બિદઅત ફેલાવે છે તો આલિમ તે બિદઅતનો ખાતમો કરે છે. આબિદ તો ફક્ત પોતાની ઈબાદતમાં જ મશગૂલ રહે છે.

* હઝરત ઈમામ રઝા(અ.સ.)થી મનકુલ છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું "ઈલ્મ હાંસિલ કરવું દરેક મુસલમાનની ફરજ છે. માટે ઈલ્મને તેના મહેલ (યોગ્ય સ્થાન)થી માંગો અને તેના અહેલ (એહલેબૈત(અ.મુ.સ.))થી હાંસિલ કરો. કેમ કે અલ્લાહની ખુશ્નુદી માટે ઈલ્મ શીખવું અને તેને હાંસિલ કરવું ઈબાદત છે. ઈલ્મી ચર્ચા કરવી તસ્બીહનો સવાબ ધરાવે છે અને તેની ઉપર અમલ કરવો જેહાદ છે, જાહિલને ઈલ્મની તાલિમ આપવી સદકો છે અને જે ઈલ્મ હાંસિલ કરવા ચાહે છે તેના સુધી ઈલ્મને પહોંચાડવુ અલ્લાહની નઝદિકીનો જરીયો છે. કેમકે ઈલ્મ વડે હલાલ અને હરામને ઓળખી શકાય છે અને આ જ જન્નતના રસ્તાનો મિનારો છે. ઈલ્મ ગુરબત અને તન્હાઈનો સાથી છે, તન્હાઈમાં વાત કરનાર તેમજ ખુશી અને ગમમાં સહારો અને હમદર્દ છે. દુશ્મનના મુકાબલા માટે હથિયાર અને દોસ્તોની મજલિસમાં ઝિન્નત છે. તેના વડે ખુદા કૌમને બુલંદી અતા કરે છે અને તેમને નેક કાર્યોની હિદાયત કરે છે."

આ જ માટે ઈલ્મે આલે મોહમ્મદ(અ.મુ.સ.) મોહિબ્બાને એહલેબૈત(અ.મુ.સ.)ને જ્યાંથી મળે ત્યાંથી હાંસિલ કરવું જોઈએ. આપણે મજલિસે ઈમામ હુસૈન(અ.સ.)માં શિરકત કરીને ઈલ્મ હાંસિલ કરીએ છીએ. સાથે સાથે મદ્રેસા, હૌઝએ ઈલ્મીયાહ, યુનિવર્સીટી, દિની ક્લાસીસ, દિની દર્સમાં હાજરી આપીને તેમજ સ્થળે સ્થળે દિની ક્લાસીસ કાએમ કરીને ઈલ્મે આલે મોહમ્મદ(અ.મુ.સ.) હાંસિલ કરવું જોઈએ.

પરવરદિગારે આલમ! આપણને દરે આલે મોહમ્મદ(અ.મુ.સ.)થી જોડેલા રાખે અને ઈલ્મે દિન હાંસિલ કરવાની તૌફીક અતા કરે જેથી આપણો શુમાર ઈમામે ઝમાના(અ.સ.)ના હકીકી મદદગારોમાં થાય. ઈલાહી આમીન.

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com